## તંત્રી સ્થાનેથી......

મોરબી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પર કચ્છ પર બિપરજોય વાવાઝોડાનો ખતરો તોળાઈ રહ્યો હતો. હાલ વાવાઝોડું કોઈ નુકસાન વિના પસાર થઈ ગયુંછે, પરંતુ તેની અસર મોરબી જિલ્લામાં વર્તાઈ રહી છે. આ બાબતે વાત કરતા નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યુંહતું કે, જે રીતે મોરબી જિલ્લામાં વાવાઝોડાનો ભય સતાવી રહ્યો હતો, જ્યારે વાવાઝોડું લેન્ડ ફોલ થયું ત્યારે ભયાનક દ્રશ્યો સર્જાયા હતા. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા જે આગોતરા પગલાં લેવામાં આવ્યા હતા જેના કારણે સમગ્ર ગુજરાતમાં અને મોરબી સહિતના જે મુખ્ય સાત જિલ્લા વધુ સંભવિત અસરગ્રસ્ત હતા ત્યાં કોઈ જાનહાની થઈ નથી. પરિણામે માનવ મૃત્યુ ન થાય તે માટેના સરકારના પ્રયાસોને સફળતા મળી છે. જ્યાં વધુ અસર થઈ હતી તેવા વિસ્તારોમાં ચોક્કસ સમય માટે વીજપુરવઠો પણ બંધ રાખવામાં આવ્યો હતો જેથી કોઈ શોર્ટ સર્કિટ કે જાનમાલને નુકસાનની ઘટનાઓ પણ બની નથી. મોરબી જિલ્લામાં ઓછામાં ઓછી નુકસાની થાય તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જે ત્રિસ્તરીય વ્યવસ્થા કરી હતી તે સફળ થઈ છે. અમુક જગ્યાએ જ્યાં વધારે પવનના કારણે વીજપોલ ધરાશયી થયા છે ત્યાં ત્વરિત ધોરણે સમારકામની કામગીરી કરી વીજપુરવઠો પૂર્વવત કરવા માટે આપણી પાસે વીજપોલ, ટ્રાન્સફોર્મર કે લાઈન વગેરે જથ્થો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. તમામ જગ્યાઓએ જિલ્લા વહીવટી તંત્ર, ચૂંટાયેલા પદાધિકારીઓ, અનેક ઉદ્યોગો, સામાજિક સંસ્થાઓ, એનજીઓ અને સેવાભાવી લોકોએ સાથે મળી કામગીરી કરી છે અને હજી કરી રહ્યા છે તે ખરેખર સરાહનીય છે. મોરબી જિલ્લાની મારી પાસેની જવાબદારીના ભાગરૂપે મોરબી જિલ્લા પ્રભારીશ્રી મનિષા ચંદ્રા, મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જાડેજા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટરશ્રી એન.કે. મુછાર દ્વારા ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેના કારણે આજ સુધી કોઈપણ કામગીરી પેન્ડિંગ નથી અને પાણી વીજ પુરવઠો વગેરેના પુરતા સપ્લાયની સાથે વાહન વ્યવહાર માટેના રસ્તાઓ પણ ખુલ્લા છે જે માટે હું જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવું છું. ઉપરાંત આ તમામ કામગીરીમાં પૂરતો સહકાર આપવા માટે જિલ્લાના પત્રકાર મિત્રોનો પણ મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો અને તમામ વિભાગની કામગીરીને બિરદાવી હતી.

# અસરગ્રસ્તો ના દુઃખ માં સહભાગી થવા ભુજ સ્વામિનારાયણ મંદિર હરહંમેશ તૈયાર રહે છે



કમલમ્ ન્યુઝ,ભુજ

હાલ માં સમગ્ર કચ્છ ના દરીયા કાંઠા ના વિસ્તારો જ્યારે બિપર જોય ચક્રવાત વાવાઝોડા ની ઓથમાં છે ત્યારે દરીયા કાઠે વસ્તા લોકો ને સરકારી તંત્ર દ્વારા સુરક્ષિત જગ્યાએ પહોંચાડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે આજરોજ જીલ્લા સેવા સદન-ભુજ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં દરેક સંસ્થાઓ આ સ્થિતિને પહોચી વળવા કલેકટરશ્રી તરફથી સેવાકીય આદેશના સનુસંધાને ભુજ નુતન સ્વામિનારાયણ મંદિરના મુખ્ય કોઠારીશ્રી મુરજીભાઇ શિયાણી તથા ટ્રસ્ટીશ્રી શશીકાંતભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. અસરગ્રસ્તો ને પુરતા પ્રમાણ માં ફુટ પેકેટો મળી રહે તેવા સેવાકીય પ્રવૃતિઓનો પ્રારંભ આજરોજ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા મંદિર ના મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી શ્રી. ભગવતજીવન દાસજી, પાર્ષદ જાદવજી ભગત અને વડિલ સંતો ની પ્રેરણા થી પ્રારંભ કરવામાં આવી રહયો છે. સવારથી ફૂડ પેકેટ બનાવવાની સેવામાં સુખપર,કેરા,માનકુવા, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની યુવતીઓ, શ્રી નરનારાયણ દેવ યુવક-યુવતી મંડળના સભ્યો પ્રસાદ બનાવવામાં તેમજ અને પેકીંગમાં કરવામાં સેવાઓ આપી હતી. હાલ તુરત ૧૧ હજાર ફૂડ પેકેટો માંડવી, જખૌ, નલીયા વિગેરે અસરગ્રસ્ત વિસ્તારો પહોચાડવામાં આવશે.આ ફૂડ પેકેટોમાં ભગવાનના પ્રસાદ રૂપી બુંદી અને ગાઠીયા ના પ્રસાદનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ તરફથી કરવામાં આવતી આ સેવાકીય પ્રવૃતિમાં સંપૂર્ણપણે ભુજ મંદિરના કોઠારી દેવપ્રકાશદાસજી, ભોજનાલય વિભાગના ભંડારીશ્રી સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી દિવ્યસ્વરૂપદાસજી જહેમત ઉઠાવી રહ્યા છે.

# વાલોડ તાલુકા નું ગૌરવ,યોગ સ્પર્ધા માં ગોલ્ડ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કાર્યો.





કમલમ્ ન્યુઝ,સમીર શાહ

૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાય છે. તેના પ્રચાર અને પ્રસાર હેતુ થી સાંસદ યોગ સ્પર્ધા, નું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વિવિધ સાંસદીય વિસ્તારમાં કરવામાં આવી રહયું છે. તે અંતર્ગત આજે ૧૬/૬/૨૩ શુક્રવાર ના રોજ માનનીય સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા ના નેજા હેઠળ વ્યારા મુકામે આ યોગ સ્પર્ધાનું આયોજન કરવા આવ્યું હતુ. જેમાં દરેક તાલુકા ના સ્પર્ધાકો એ અલગ અલગ કેટેગરી મુજબ ઉત્સાહ પૂર્વક ભાગલીધો હતો. જેમાં ફરી એક વાર વાલોડ તાલુકા ના કોચ રવિ એમ.બાગેલ ના માર્ગદર્શન દ્વારા ૩૫ થી ૫૯ વર્ષ ની કેટેગરી માં શાલિગ્રામ પાટીલ એ ગોલ્ડ મેડલ અને ૬૦ વર્ષ ની ઉપરની કેટેગરી માં પુષ્પાબેન રમેશચંદ્ર પટેલ એ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ફરીથી વાલોડ ગામ અને સુંદરનગર સોસાયટી નું નામ રોશન કર્યું છે.

# કુંભારફળિયાના ખેડૂતે કરી પ્રાકૃતિક કૃષિ થકી શેરડીની સફળ ખેતી

## પ્રાકૃતિક ખેતીથી શેરડીનો પાક લઈ ગોળ બનાવી લાખોની આવક મેળવી રહ્યા છે સેજલભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,

સરકારશ્રી દ્વારા ખેડૂતોની જમીનને બંજર બનતી અટકાવવા માટે તથા ખેડૂતોના લાંબા ગાળાના ફાયદાને ધ્યાનમાં રાખીને પ્રાકૃતિક ખેતી પર ભાર આપવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા દરેક ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે વિવિધ સેમીનાર અને કાર્યક્રમો થકી ખેડૂતોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આજે અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી શુધ્ધ અનાજ, શાકભાજી, ફળ વગેરે પાકનું ઉત્પાદન કરી મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી થકી શેરડી અને આંબાની સફળ ખેતી કરતા નવસારી જિલ્લાના કુંભારફળીયાના સેજલભાઈ દેવદત્તાભાઈ પટેલ જણાવે છે કે, “અમારા વિસ્તારમાં લગભગ મોટા ભાગના ખેડૂતો પરંપરાગત ખેતી સાથે શેરડીના પાકનું વાવેતર કરતા હતા. શરૂઆતમાં વધારે ઉત્પાદન મળતું પણ જેમ જેમ વર્ષો વિતતા ગયા તેમ તેમ ઉત્પાદન ઘટવા લાગ્યુ. રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાનો વધારે ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા ઘટવા લાગી. તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયા અને જુદી જુદી તાલીમમાં પણ ભાગ લેતો થયો. જે અન્વયે




અમારા તાલુકાના આત્માના સ્ટાફ દ્વારા ગાય આધારીત ખેતી અંગેની તાલીમ યોજવામાં આવી હતી. જ્યાં મેં યોગ્ય માર્ગદર્શન મેળવ્યુ અને આજે હું ૨૫ વીઘા જમીનમાં આંબા અને શેરડી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિથી ખેતી કરી રહ્યો છું. પરંપરાગત રીતે ખેતી કરતો હતો ત્યારે જેટલું ઉત્પાદન થતું હતું એટલું જ ઉત્પાદન આજે પ્રાકૃતિક ખેતીમાં મળી રહ્યું છે. સેજલભાઈ જણાવે છે કે, પહેલા પરંપરાગત શેરડીની ખેતી કરીને શેરડીનો પાક સુગર ફેકટરીમાં આપતા હતા. છેલ્લા પાંચ વર્ષથી પ્રાકૃતિક ખેતી દ્વારા શેરડીના પાકની ખેતી કરીએ છીએ અને શેરડીમાંથી ગોળ બનાવીને લાખો રૂપિયા મળી રહ્યા છે. સામાન્ય રીતે બજારમાં રૂ.૪૦ થી ૫૦ ૧ કિલોગ્રામ ગોળ મળે છે. અમે પ્રાકૃતિક ખેતીથી શેરડીના પાક માંથી તૈયાર થયેલ ગોળ બનાવીએ છીએ તે ૧ કિલોગ્રામ રૂ.૮૦ના લેખે બજારમાં વેચીએ છીએ. ગયા વર્ષે ૧૮ ટન ગોળનું ઉત્પાદન કરીને અમારી આવકને બમણી કરતા વધુ મેળવી રહ્યા છીએ. તેઓ વધુમાં જણાવે છે કે, મારી વાડીમાં ૬૦ મોટા આંબા અને ૧૦૦ નાના આંબા છે. ૬૦ મોટા આંબામાંથી ૨૦૦ મણથી વધુ કેરીનું ઉત્પાદન મળ્યુ છે. શરૂઆતમાં ૧ મણના રૂ. ૨૨૦૦ મળતા હતા હાલ રૂ. ૧૮૦૦ મળી રહ્યા છે. બજારમાં ૧ મણ એક હજાર રૂપિયામાં મળે છે ત્યારે પણ લોકો મારી પાસેથી રૂ.૧૮૦૦માં મારી પાસેથી લઈ જાય છે પ્રાકૃતિક ખેતીના લીધે. શરૂઆતમાં જીવામૃતનો ઉપયોગ ચાલુ કરી ધીમે ધીમે પ્રાકૃતિક કૃષિની શરૂઆત કરી. આંબાવાડીમાં આંતરપાકમાં મગ, ચોળી અને શણના પાકનું વાવેતર કરતા થયા અને મિશ્ર પાક કરવા લાગ્યા. પરિણામે સિંગલ પાક કરતા આ રીતમાં આવક વધારે મળવા લાગી. હાલમાં જીવામૃતના સતત ઉપયોગ કરવાથી જમીન જે અગાઉ બિનઉપજાઉ બની ગઈ હતી તેની ફળદ્રુપતા વધવા લાગી. જમીનમા અળસિયા ઉત્પન્ન થવા લાગ્યા અને અત્યારે ગમે તેટલો વધારે વરસાદ પડે તો પણ જમીન પાણી સંગ્રહ કરી લે છે. જમીનની ફળદ્રુપતા વધવાથી ભેજ સંગ્રહશક્તિ પણ સુધરી છે. પ્રાકૃતિક ખેતીનો પાક હોવાથી ગ્રાહકો સામેથી આવીને માલ લઈ જાય છે અને વધારાનું ઉત્પાદન ઓપન માર્કેટમા વેચું છુ. આમ, પ્રાકૃતિક કૃષિમા ખર્ચ ઘટવાથી આવક તો વધારે મળે જ છે પણ જમીન સુધરે છે અને ફળદ્રુપતામાં પણ વધારો થાય છે. પ્રાકૃતિક ખેતી થકી પર્યાવરણનું રક્ષણ થાય છે અને શુધ્ધ આહાર ખાવા માટે મળે છે.

# તાપી જિલ્લાના આરોગ્ય વિભાગ હેઠળ તમામ સામુહિક,પ્રાથમિક, શહેરી આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરો ખાતે પ્રિ-ઈવેન્ટ યોગા ડે તરીકે ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (IYD) તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર ગુજરાતમાં ખુબ જ ભવ્ય અને વિશાળ સંખ્યામાં થાય તેવું આયોજન નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે આયુષ મંત્રાલય દ્વારા “ હર ઘર – આંગન યોગની” થીમ અંતર્ગત ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે અંતર્ગત તાપી જિલ્લાના આરોગ્ય વિભાગ હેઠળ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરો ખાતે “આંતરરાષ્ટ્રીય યોગ દિવસ” - Pre - Event યોગા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રિ- યોગા ઈવેન્ટનો મુખ્ય હેતુ ઈન્ટરનેશનલ યોગા ડે વિશે લોકોમાં જનજાગૃતિ આવે અને તા.૨૧ જુન ૨૦૨૩ નિમિતે વધુમાં વધુ પ્રજાજનોની ભાગીદારી નોંધાય. જેમાં તાપી જીલ્લાની કુલ ૨૮૭ આરોગ્ય સંસ્થા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રિ-ઈવેન્ટ યોજવામાં













આવી હતી. જે દરમિયાન આરોગ્ય કર્મચારીઓ સ્થાનિક પ્રતિનિધિઓ, પ્રજાજનો,બાળકો મળી કુલ ૯૫૦૦ લોકો સહભાગી બન્યા હતા. આરોગ્ય કર્મીઓ દ્વારા લોકોને યોગાનું મહત્વ સમજાવી યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ નાગરિકો જોડાય તથા યોગને પોતાના જીવનમાં અપનાવી સ્વસ્થ જીવન વ્યતિત કરે, તેવા ઉમદા હેતુ સાથે ઉજવણી યોગા પ્રિ-ઈવેન્ટની ઉજવણી કરવામાં આવી હતી.

# રાનકુવા હાઈસ્કુલ ના ૨૩ વિદ્યાર્થીઓ NEET UG પરીક્ષા માં ઝળકયા

## વિજ્ઞાનપ્રવાહ ના શિક્ષકો ની ૧ થી ૩૦એપ્રિલ સુધી ના નીટના વર્ગોની મેહનત રંગ લાવી

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

૭મે, ૨૦૨૩ ના રોજ લેવાયેલ NEET UG-2023 ની પરીક્ષાનું પરીણામ જાહેર કરાયું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની બી. એલ . પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કાર્યરત છે. અહી ૧૪૦૦ બાળકો અભ્યાસ કરે છે આજના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યક્રમ વન બંધુ યોજના હેઠળ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળા આ આદિવાસી વિસ્તારમાં મંજૂર કરેલ. જેના મીઠા ફળ હવે ગ્રામ્ય વિસ્તારની શાળામાં પ્રાપ્ત થઈ રહ્યા છે આજ સુધીમાં આ શાળામાંથી ૭૦ વિદ્યાર્થીઓએ મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવી છે.શિક્ષકોની કર્મ નિષ્ઠાના કારણે વેકેશનમાં પણ ધોરણ ૧૦ અને ૧૨ના વેકેશન વર્ગો ઉપરાંત JEE, NEET અને બાહ્ય પરીક્ષાના વર્ગો કાર્યરત રાખે છે. વાલીઓ પાસે એક પણ રૂપિયાની ફી લીધાં વગર આ કામગીરી શિક્ષકો કરે છે જેની સરાહના જિલ્લા શિક્ષણ વિભાગ વારંવાર કરે છે અને નોંધ લે છે. અંતરિયાળ વિસ્તારના બાળકો માટે આ એક ખૂબ જ મહત્વની સિદ્ધિ કહી શકાય. આ પરીક્ષામાં શ્રી બી. એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવાના ૨૩ વિદ્યાર્થીઓ કવોલીફાઇડ થયા છે અને રાનકુવા હાઈસ્કુલનું નવસારી જિલ્લામાં ગૌરવ વધાર્યું છે. સાર્થક પી.પટેલ એ ૭૨૦ માંથી ૩૭૦,બંસી જે. પટેલ એ ૭૨૦ માંથી ૩૫૧ અને વિશ્વા બી. ઠક્કર એ ૭૨૦ માંથી ૩૦૧ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળા બોર્ડની પરીક્ષાના ઊંચા પરિણામોની સાથે હવે NEET અને JEE માં પણ વધુને વધુ સારો દેખાવ કરે તે માટે સતત પ્રયત્નશીલ છે.આચાર્ય શ્રી સંજયસિંહ ડી. પરમાર તથા શાળાના ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ કવોલીફાઇડ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કલાનિકેતન જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાપી જીલ્લાની ૧૦૦% પરિણામવાળી છશાળાના આચાર્યોનું સન્માન.

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત કલાનિકેતન જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર વ્યારા, તાપી દ્વારા તાપી જીલ્લાની ૧૦૦% પરિણામ વાળી છ શાળાના આચાર્યોનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમા એજ્યુકેશન ઈન્સ્પેકટર તથા રાષ્ટ્રીય શૈક્ષિકસંઘના અધ્યક્ષ અને જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર કેતનભાઈ શાહ દ્વારા સૌનું સન્માન શાલ અને મોમેન્ટો દ્વારા કરવામાં આવ્યું. અને આગામી વર્ષોમાં લોકવિજ્ઞાન કેન્દ્રની આગેવાનીમાં પરિણામ સુધારણા સમિતિ દરેક તાલુકામાં બનાવી કઠીન મુદ્દાઓનું સાહિત્ય બનાવી વિનામુલ્યે એક એક કોપી આપી તેનું સીધુ શાળાના



બાળકોને માર્ગદર્શન મળશે જેથી તાપી જીલ્લામાં દરેક શાળાનું પરિણામ ૧૦૦% આવશે તેવી નેમ અને પ્રયત્ન સાથે જીલ્લાના આચાર્યોઓને નવી પ્રેરણા મળશે આમ નવા શૈક્ષણિક સત્ર સાથે નવા નવીન વિચાર અને ઉત્સાહ સાથે સૌનું અભિવાદન કરી નવા શૈક્ષણિક સત્રની શુભકામના પાઠવી.

# નર્મદા જિલ્લામાં ૨૧મી જૂને ૯મા વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે બે આઈકોનિક સ્થળોની કરાયેલી પસંદગી

## યોગ આપણા જીવનનો એક ભાગ છે, જિલ્લામાં યોગ દિવસની થનારી ઉજવણીમાં દિવ્યાંગો સાથે સાધુ સંતો, લઘુમતિ સમુદાયના નાગરિકો, ટ્રાન્સજેન્ડર સહિત તમામ લોકો યોગમાં સહભાગી બનશે - જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા

### જિલ્લામાં ૨૧મી જૂને વિવિધ સ્થળોએ થનારી વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ



**સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને ઈનરેકા સંસ્થાન દેડિયાપાડા ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે તેને સમાંતર તાલુકાકક્ષા અને નગરપાલિકા વિસ્તાર તથા શાળા-કોલેજ કક્ષાએ પણ ઉજવણી કરવામાં આવશે**

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

આગામી તા.૨૧મી જૂન ૨૦૨૩ના રોજ ૯ મા વિશ્વ યોગ દિવસની થનારી ઉજવણીના સંદર્ભમાં નર્મદા જિલ્લાના અગત્યના બે સ્થળોની આયકોનિક સ્થળ તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ઈનરેકા સંસ્થાન દેડિયાપાડા સહિત નર્મદા જિલ્લામાં વિવિધ કક્ષાએ યોગ દિવસની થનારી ઉજવણીના આયોજનના ભાગરૂપે આજે તા.૧૬/૦૬/૨૩ને શુક્રવારના રોજ જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુંબેની ઉપસ્થિતિમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી અંગે જિલ્લામાં કરવામાં આવી રહેલી તૈયારીઓ અંગેની વિગતો પત્રકારો સમક્ષ મૂકી માહિતી આપતા જિલ્લા કલેકટર શ્રીમતી શ્વેતા તેવતિયાએ જણાવ્યું કે, આ વખતે નર્મદા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહ ઉલ્લાસ સાથે ઉજવણી જિલ્લાકક્ષા, તાલુકાકક્ષા અને નગરપાલિકા કક્ષાએ કરવામાં આવશે. ખાસ કરીને નર્મદા જિલ્લામાં બે આઈકોનિક સ્થળો સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ઈનરેકા સંસ્થા દેડીયાપાડાની ખાસ પસંદગી કરવામાં આવી છે. જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ઈનરેકા સંસ્થા-દેડીયાપાડા ખાતે યોજાશે. તેને સમાંતર દરેક તાલુકામાં મુખ્ય મથક ખાતે અને નગર પાલિકા કક્ષાએ પણ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ તમામ કાર્યક્રમો માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. વધુમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, વિશ્વ યોગ દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને યોગબોર્ડ, જિલ્લા પંચાયતના વિવિધ વિભાગો, માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, કોલેજો દ્વારા જિલ્લાના નાગરિકો-વિદ્યાર્થીઓને યોગની તાલીમ આપવામાં આવી રહી છે. પંચાયત વિભાગ દ્વારા ગામડાઓમાં રેલી, આરોગ્ય વિભાગ દ્વારા સી.એચ.સી/પી.એચ.સીસેન્ટરો પર ઓ.પી.ડીના સમયે યોગનું મહત્વ સમજાવવામાં આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા શાળાના બાળકો દ્વારા પ્રભાત ફેરીનું આયોજન, પોલીસ વિભાગ દ્વારા બાઈક રેલી જેવી આઈઈસી એક્ટિવિટી થકી યોગનો પ્રચાર પસાર કરવામાં આવશે. વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો ઉમળકાભેર ભાગ લઈને સ્થાનિક લોકો ભાગીદારી નોંધાવે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓનો પણ સંપર્ક કરી આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા તથા તાલુકાકક્ષાના કાર્યક્રમોમાં વધુમાં વધુ દિવ્યાંગ વ્યક્તિઓ પણ સહભાગી બને તે માટે જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વિશેષ કામગીરી કરવામાં આવી રહી છે અને તેમને યોગ કરવા માટે આગળનીહરોળમાંસ્થાનઆપવામાં આવશે તેમ પણ કલેક્ટરશ્રીએ ઉમેર્યું હતું. જિલ્લાના પત્રકાર મિત્રો દ્વારા મળેલા કેટલાંક સૂચનો બાદ જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, યોગ એ આપણા જીવનનો એક ભાગ છે. જિલ્લામાં યોગ દિવસની થનારી ઉજવણીમાં દિવ્યાંગો સાથે સાધુ સંતો, લઘુમતિ સમુદાયના નાગરિકો, ટ્રાન્સજેન્ડર સહિત તમામ નાગરિકોને યોગ દિવસની ઉજવણીમાં સામેલ કરવામાં આવશે. જિલ્લામાં આવેલા વિવિધ ધાર્મિક આશ્રમો દ્વારા યોગને અનુલક્ષીને કરવામાં આવતી પ્રવૃત્તિઓને પણ આ સાથે સામલ કરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએથી લઈને જિલ્લા કક્ષા સુધીના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પણ વિવિધ સ્થળોએ કાર્યક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવશે તેમ વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લાના નાગરિકોને પણ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા જિલ્લાકલેક્ટરશ્રીએ જાહેર અપીલ કરી હતી. અને જીવનનો એક ભાગ બનાવી દરરોજ યોગ કરે તો સ્વાસ્થ્ય પણ જળવાઈ રહેશે તેનો લાભ યોગ કરનારને જ થશે તેમ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તા.૧૬/૦૬/૨૦૨૩ ના રોજ ભરૂચ અને નર્મદા જિલ્લાનું સંયુક્ત રીતે સાંસદ યોગ સ્પર્ધાનું આયોજન ભરૂચ મુકામે કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નર્મદા જિલ્લામાં એક યોગ કો-ઓર્ડીનેટર, ૧૧ યોગ કોચ, ૧૦૦ યોગ શિક્ષકોની નિમણુક કરવામાં આવી છે. તેઓ દ્વારા નર્મદાજિલ્લાનાવિવિધગામડાઓમાં કુલ ૫૦ જેટલાં નિઃશુલ્ક યોગ ક્લાસચલાવવામાંઆવીરહ્યાંછે.સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની નર્મદાની ટીમ દ્વારા યોગ જાગૃતિ માટે યોગ યાત્રાનું આયોજન ગત તા. ૨૪/૦૫/૨૦૨૩ ના રોજ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ- રાજપીપલા ખાતે કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લાની યોગ બોર્ડની ટીમ દ્વારા યોગ સમર કેમ્પનું આયોજન પણ પ્રાથમિક શાળા સોલીયા અને દેડીયાપાડા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા બાળકોએ ભાગ લઈ યોગની તાલીમ મેળવી હતી. આમ, જિલ્લામાં વહીવટી તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમોના માધ્યમથી યોગ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમાં મીડિયાની પણ મહત્વની ભૂમિકા રહેલી છે જે તમે લોકો સુપેરે પાર પાડી રહ્યા છો. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં જિલ્લા પોલીસવડાશ્રી પ્રશાંત સુંબે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદ મછાર, ડી.એસ.ઓ.શ્રી દિનેશ કદમ, જિલ્લા યુવા અને સાંસકૃતિક અધિકારીશ્રી દિલીપ દેસાઈ, જિલ્લા યોગ કોચ અને જિલ્લાના ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટી મીડિયાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા

